ઈમિગ્રેશનઃ ખબર-અંતર

# ઇમિગ્રેશન બાબતે એક્ઝિક્યુટિવ આદેશો ટ્રમ્પના પ્રવાસ પ્રતિબંધના પ્રયાસોની હાલની સ્થિતિ વિશે વર્ગીકરણ: ભાગ-૧

સ્નેહલ બત્રા

અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે સત્તા સંભાળ્યાના પ્રથમ ૧૦૦ દિવસ દરમિયાન વિવિધ એક્ઝિક્યુટિવ આદેશો જારી કર્યા હતા, જે



માઈકલ ફુલવાની ડેવિડ એચ. નાચમેન લુડકા ઝિમોવચાક

અંતર્ગત ટ્રમ્પે ચોક્કસ મુસ્લિમ-બહુમતી ધરાવતા દેશોના બિન-અમેરિકી નાગરિકો માટે પ્રવાસ પર પ્રતિબંધ મૂકવાનો નિર્દેશ આપતા બે એક્ઝિક્યુટિવ આદેશો પર હસ્તાક્ષર કર્યા હતાઃ ૨૭મી જાન્યુઆરી, ૨૦૧૭ના રોજ એક્ઝિક્યુટિવ ઓર્ડર ૧૩૭૬૯ (અમેરિકામાં ફોરેન ટેરરિસ્ટ એન્ટ્રીમાંથી દેશને રક્ષણ આપતો), અને છઠ્ઠી માર્ચ, ૨૦૧૭ના રોજ એક્ઝિક્યુટિવ ઓર્ડર ૧૩૭૮૦ વિશેનો રિવાઈઝ ઓર્ડર. પ્રથમ એક્ઝિક્યુટિવ ઓર્ડરના કારણે દેશભરમાં ફેડરલ કોર્ટ્સમાં મુકદમો ચલાવવો પડ્યો હતો, અને રિવાઈઝ ઓર્ડરને પડકારતા ઘણા મુકદમા આગળ ચલાવવામાં આવી રહ્યા છે.

એક્ઝિક્યુટિવ આદેશો વિવાદાસ્પદ છે, કારણ કે તે આપણી અંકુશ અને સમતુલાની પદ્ધતિને રદ કરતા હોય તેમ લાગે છે. જોકે પ્રેસિડન્ટને અમેરિકી બંધારણના આર્ટિકલ ટુ અંતર્ગત એક્ઝિક્યુટિવ આદેશો બહાર પાડવાની બહોળી સત્તા છે. આ સિવાય, ઈમિગ્રેશન એન્ડ નેશનલિટી એક્ટ (આઈએનએ) સેક્શન ૨૧૨ (એફ) પ્રેસિડન્ટને યુનાઈટેડ સ્ટેટ્સના હિતમાં હાનિકારક હોય તેવી ચોક્કસ વ્યક્તિ અથવા વ્યક્તિઓના સમૂહને કાઢી મૂકવાની બહોળી સત્તા આપે છે.

દેશની સલામતીના હિતમાં અને રક્ષણ કરવાના ધ્યેય સાથે ઈમિગ્રેશનમાં શક્ય તેટલી મર્યાદા લાવવા એક્ઝિક્યુટિવ ઓર્ડરની સત્તાનો ઉપયોગ કરવાનો હેતુ દર્શાવ્યો હતો. જોકે પ્રેસિડન્ટનો વિશ્વાસ કરવો મુશ્કેલ છે, કારણ કે તેમણે ચૂંટણીપ્રચાર દરમિયાન પોતાનો હેતુ સ્પષ્ટ દર્શાવ્યો હતો કે તેઓ અમેરિકામાં કોને મંજૂરી આપવા માગે છે.

એક્ઝિક્યુટિવ આદેશો અને મુકદમાની હાલની સ્થિતિની સંક્ષિપ્ત માહિતી આ પ્રમાણે છે:

૨૫મી જાન્યુઆરી, ૨૦૧૭ના રોજ પ્રેસિડન્ટ ડોનાલ્ડ ટ્રમ્પે ઇન્ટીરિયર એન્ડ બોર્ડર એન્ફોર્સમેન્ટ વિશે બે ઈમિગ્રેશન એક્ઝિક્યુટિવ ઓર્ડર્સની જાહેરાત કરી હતી, જે વસાહતીઓને દેશનિકાલની અગ્રિમતા યુએસ ઈમિગ્રેશન એન્ડ કસ્ટમ્સ એન્ફોર્સમેન્ટ અ બોર્ડર પેટ્રોલ એજન્ટ્સની સંખ્યા વધારવા પર ધ્ય કેન્દ્રિત કરતો હતો. આ ઓર્ડર અન્ય ઈમિગ્રેશનવિરો નીતિઓ વચ્ચે આગળ વધે છે.

૨૭મી જાન્યુઆરી, ૨૦૧૭ના દિવસે પ્રેસિડ 'પ્રોટેક્ટિંગ ધ નેશનલ ફ્રોમ ફોરેન ટેરરિસ્ટ એન ઈનટુ ધ યુનાઈટેડ સ્ટેટ્સ' શીર્ષક હેઠળ એક્ઝિક્યુટિવ ઓર્ડર પર હસ્તાક્ષર કર્યા હતા, તત્કાલ અસરથી ઈરાક, ઈરાન, લિબિયા, સોમાલિય સુદાન, સિરિયા અને યમનથી યુનાઈટેડ સ્ટેટ્સમ આવતા નાગરિકો પર ૯૦ દિવસ માટે પ્રતિબં ફરમાવતો હતો. શરૂઆતમાં તો આ ઓર્ડરમાં ગ્રી કાર્ડ અને સ્ટુડન્ટ વિઝા ધરાવતા નાગરિકો તેમ નિરાશ્રિતોનો પણ સમાવેશ કરાયો હતો. આ પછ ડિપાર્ટમેન્ટ ઓફ હોમલેન્ડ સિક્યુરિટી (ડીએચએસ દ્વારા આ સાત દેશોના ગ્રીનકાર્ડધારકોને યુનાઈટે સ્ટેટ્સમાં પ્રવેશવા મંજૂરી આપવાનું વચન આપવામ આવ્યું હતું.

આ આદેશો ઉપરાંત આ ઓર્ડર ૧૨૦ દિવસ મા અમેરિકામાં પ્રવેશ કરતા તમામ નિરાશ્રિતો પ પ્રતિબંધ મૂકતો હતો, અચોક્કસ મુદત માટે અમેરિકામ પ્રવેશવા પર સિરિયનોને અટકાવતો હતો, અને નિરાશ્રિતોના પ્રવેશમાં ૧,૧૦,૦૦૦થી ૫૦,૦૦ સુધીનો ઘટાડો કરતો હતો.

પ્રેસિડન્ટના એક્ઝિક્યુટિવ ઓર્ડરના કારણે દેશભરમાં વિરોધપ્રદર્શન થયાં હતાં અને તેને મુસ્લિમવિરોધી અને 'બિન-અમેરિકન' પ્રવાસબંધી તરીકે ગણાવ્યો હતો. ગણતરીના દિવસોમાં વેસ્ટર્ન ડિસ્ટ્રિક્ટ ઓફ વોશિંગ્ટનની યુનાઈટેડ ડિસ્ટ્રિક્ટ કોર્ટમાં વોશિંગ્ટન અને મિનેસોટા રાજ્યોમાં મુકદમા ફાઈલ કરવામાં આવ્યા હતા, જે બાકી રહેલી પ્રક્રિયા, સ્થાપના, સમાન રક્ષણ બંધારણની કલમો પર આધારિત હતા, જેના પરિણામે ફર્સ્ટ ઓર્ડરના વિવિધ વિભાગો સામે દેશવ્યાપી કામચલાઉ રોક લગાવવાનો આદેશ આપવામાં આવ્યો હતો.

ત્રીજી ફેબ્રુઆરી, ૨૦૧૭ના રોજ સિયેટલ ફેડરલ જજે પ્રેસિડન્ટ ટ્રમ્પના પ્રવાસ પ્રતિબંધ સામે કામચલાઉ દેશવ્યાપી બ્લોક જાહેર કર્યો હતો. વોશિંગ્ટન વિરુદ્ધ ટ્રમ્પ, ૨૦૧૭ ડબ્લ્યુએલ ૪૬૨૦૪૦ (ડબ્લ્યુ. ડી. વોશિંગ્ટન. ફેબ્રુઆરી ૩, ૨૦૧૭)

ડિપાર્ટમેન્ટ ઓફ જસ્ટિસે એડમિનિસ્ટ્રેટિવ સ્ટે માટે સરકીટ રૂલ ૨૭-૩ અંતર્ગત નોટિસ ઓફ અપીલ અને ઈમરજન્સી મોશન ફાઈલ કરી હતી અને સ્ટે પેન્ડિંગ અપીલ માટે પ્રસ્તાવ રજૂ કર્યો હતો તેમ જ કોર્ટ ડિસ્ટ્રિક્ટ કોર્ટના ઈન્જક્ટિવ ઓર્ડરની પેન્ડિંગ અપીલ સામે સ્ટે આપવાની વિનંતી કરી હતી.

(ક્રમશઃ)

ઈમિગ્રેશનઃ ખબર-અંતર

# ઇમિગ્રેશન બાબતે એક્ઝિક્યુટિવ આદેશો

## ટ્રમ્પના પ્રવાસ પ્રતિબંધના પ્રયાસોની હાલની સ્થિતિ વિશે વર્ગીકરણ: ભાગ-૨

સ્નેહલ બત્રા

નવમી ફેબ્રુઆરી, ૨૦૧૭ના રોજ નાઈન્થ સરકીટ માટેની યુનાઈટેડ સ્ટેટ્સ કોર્ટ ઓફ અપીલ્સે સર્વાનુમતે સિયેટલ જજના નિર્ણયને સમર્થન



માઈકલ ફુલવાની ડેવિડ એચ. નાચમેન લુડકા ઝિમોવચાક

આપ્યું હતું અને પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના ગેરબંધારણીય પ્રવાસ પ્રતિબંધ વિરુદ્ધ ચુકાદો આપ્યો હતો. વોશિંગ્ટન વર્સીસ ટ્રમ્પ, ૮૪૭ એફ. ૩ડી ૧૧૫૧, ૧૧૬૫ (નાઈન્થ સરકીટ ૨૦૧૭).

નાઈન્થ સરકીટે ફેડરલ સરકારની તત્કાલ કાર્યવાહીને નકારી હતી અને તારણ કાઢ્યું હતું કે તે પોતાની અપીલમાં મેરિટની સફળતા દર્શાવવામાં નિષ્ફળ નીવડી હતી. નાઈન્થ કોર્ટે નોંધ્યું હતું કે નિર્ધારિત દાવાના કારણે 'ગંભીર આરોપો' ઊભા થયા હતા અને 'મહત્ત્વપૂર્ણ બંધારણીય સવાલો' રજૂ થયા હતા.

છઠ્ઠી માર્ચ, ૨૦૧૭ના રોજ, પ્રમુખ ટ્રમ્પે રિવાઈઝ્ડ એક્ઝિક્યુટિવ ઓર્ડર બહાર પાડ્યો હતો, જે પ્રથમ પ્રવાસ પ્રતિબંધસમાન હતો, પરંતુ આ ઓર્ડર અસરગ્રસ્ત દેશોની યાદીમાંથી ઈરાકને દૂર કરતો હતો. આ ઓર્ડરમાં:

- નાણાકીય વર્ષ ૨૦૧૭માં યુનાઈટેડ સ્ટેટ્સમાં નિરાશ્રિતોની સંખ્યા ૧,૧૦,૦૦૦થી ઘટાડીને ૫૦,૦૦૦ કરવામાં આવી છે.
- ૧૨૦ દિવસના યુએસ રેફ્યુજી એડમિશન પ્રોગ્રામને સસ્પેન્ડ કરે છે, જે યુનાઈટેડ સ્ટેટ્સમાં નિરાશ્રિતોની ઓળખ કરે છે અને રિસેટલમેન્ટની પ્રક્રિયા કરે છે. સિરિયાના નિરાશ્રિતો માટે અચોક્કસ મુદતનો મુકાયેલો પ્રતિબંધ રહેતો નથી.
- ૯૦ દિવસ સુધી ઈરાન, સુદાન, લિબિયા, યમન, સોમાલિયા અને સિરિયાના નાગરિકોનો પ્રવેશ સસ્પેન્ડ કરવામાં આવ્યો છે, જેમાં ઈરાકનો સમાવેશ કરવામાં આવ્યો નથી અને કરન્ટ વિઝા, બહુરાષ્ટ્રીયતા, કાયદેસર કાયમી નાગરિકત્વ અને રાજદ્વારી વિઝા ધરાવતા નાગરિકોને લાગુ પડતો નથી.
- આ ઓર્ડર સેક્રેટરી ઓફ હોમલેન્ડ સિક્યુરિટી, ડિરેક્ટર ઓફ નેશનલ ઈન્ટેલિજન્સ, સેક્રેટરી ઓફ સ્ટેટને દેશોની યાદી એકસાથે મૂકવા નિર્દેશ આપે છે કે યુનાઈટેડ સ્ટેટ્સમાં વિદેશી નાગરિકોના ભાવિ પ્રવેશની પૂરતી માહિતી આપતો નથી.
- આ ઓર્ડર સેક્રેટરી ઓફ સ્ટેટ, સેક્રેટરી ઓફ હોમલેન્ડ સિક્યુરિટી, ડિરેક્ટર ઓફ નેશનલ ઈન્ટેલિજન્સ, ડિરેક્ટર ઓફ ફેડરલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન (એફબીઆઈ)ને તમામ ઈમિગ્રેશન પ્રોગ્રામ માટે યુનિફોર્મ સ્ક્રીનિંગ બેઝલાઈનનો અમલ કરવા નિર્દેશ આપે છે.
- સેક્રેટરી ઓફ હોમલેન્ડ સિક્યુરિટીને બાયોમેટ્રિક આવાગમન (એન્ટ્રી-એક્ઝિટ) ટ્રેકિંગ સિસ્ટમના અમલીકરણનો નિર્દેશ આપે છે.
- રાજ્ય-સ્થાનિક ન્યાયતંત્રને, નિરાશ્રિતોના પ્લેસમેન્ટ અથવા સેટલમેન્ટ નક્કી કરવાની પ્રક્રિયામાં જ્યારે શક્ય હોય ત્યારે ભૂમિકા અદા કરવાની મંજૂરી આપે છે.
- વિઝા ઈન્ટરવ્યુ વેઈવર પ્રોગ્રામને સસ્પેન્ડ કરે છે, જે ચોક્કસ નાગરિકોને વ્યક્તિગત મુલાકાત રદ કરવા માટે તેઓના વિઝા રિન્યુ કરવાની મંજૂરી આપે છે.
- કોન્સ્યુલર ફેલોઝ પ્રોગ્રામ વિસ્તારવા માટે સેક્રેટરી ઓફ સ્ટેટને નિર્દેશ આપે છે.

આ પ્રવાસ પ્રતિબંધ અમલી બનવાની તૈયારી હતી તેના થોડા કલાકો અગાઉ, સ્ટેટ ઓફ હવાઈએ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના પુનઃ પ્રવાસ પ્રતિબંધને પડકાર્યો હતો અને જણાવ્યું હતું કે આ એક્ઝિક્યુટિવ ઓર્ડર ધાર્મિક ભેદભાવની વિરુદ્ધ અપાતા રક્ષણનો ભંગ કરે છે. આ સિવાય આ ઓર્ડર રાજ્યનાં ઉદ્યોગગૃહો અને યુનિવર્સિટીઓ તેમ જ પ્રવાસનઉદ્યોગને પણ નુકસાનકર્તા છે.

૧૫મી માર્ચ, ૨૦૧૭ના રોજ કોર્ટે ટેમ્પરરી રિસ્ટ્રેઈનિંગ ઓર્ડર (ટીઆરઓ) બહાર પાડ્યો હતો, જે દેશવ્યાપી એક્ઝિક્યુટિવ ઓર્ડરના સેક્શન ૨ અને ૬ના અમલીકરણમાંથી સરકારને મુક્ત કરતો હતો. સ્ટેટ ઓફ હવાઈ વર્સીસ ટ્રમ્પ, નંબર (૨૦૧૭ ડબ્લ્યુએલ ૧૦૧૧૬૭૩)

હવાઈના ફેડરલ જજે ટીઆરઓ બહાર પાડ્યા પછી તરત જ મેરીલેન્ડની યુએસ ડિસ્ટ્રિક્ટ કોર્ટે દેશવ્યાપી પ્રીલિમિનરી ઈન્જક્શન (પીઆઈ) બહાર પાડ્યો હતો, જે છ ચોક્કસ દેશોમાંથી પ્રવાસીઓ વિરુદ્ધના ૯૦ દિવસના પ્રતિબંધના અમલીકરણને અટકાવતો હતો. ઈન્ટરનેશનલ રેફ્યુજી આસિસ્ટન્સ પ્રોજેક્ટ વર્સીસ ટ્રમ્પ.

૨૯મી માર્ચ, ૨૦૧૭ના રોજ હવાઈની ડિસ્ટ્રિક્ટ કોર્ટે પ્રવાસ પ્રતિબંધ વિરુદ્ધ ટેમ્પરરી રિસ્ટ્રેઈનિંગ ઓર્ડર (ટીઆરઓ)ને દેશવ્યાપી પ્રીલિમિનરી ઈન્જક્શન (પીઆઇ)માં પરિવર્તિત કરવાના ઓર્ડરને મંજૂરી આપી હતી. સ્ટેટ ઓફ હવાઈ વર્સીસ ટ્રમ્પ, ૨૦૧૭ ડબ્લ્યુએલ ૧૧૬૭૩૮૩.

એક્ઝિક્યુટિવ ઓર્ડરની અન્ય બાબતો હજી અમલી થવાની બાકી છે. સરકારે નાઈન્થ સરકીટમાં નોટિસ ઓફ અપીલ ફાઈલ કરી હતી. વહીવટી તંત્ર અને ડિપાર્ટમેન્ટ ઓફ જસ્ટિસે દલીલ કરી હતી કે આ પ્રવાસ પ્રતિબંધ દેશની સલામતીના રક્ષણ માટે જરૂરી હતો અને પ્રમુખ ટ્રમ્પે કહ્યું હતું કે તેઓ જરૂર પડ્યે આ માટે છેક સુપ્રીમ કોર્ટ સુધી લડશે.

ફેડરલ એપેલેટ સુનાવણી ચાલુ માસમાં થવાની શક્યતા છે. એ શક્ય છે કે પ્રવાસ પ્રતિબંધ બંધારણીય છે કે નહિ એ નક્કી કરવા આ અપીલ યુએસ સુપ્રીમ કોર્ટમાં પહોંચશે.

ઈમિગ્રેશન પ્રેક્ટિશનરો તરીકે, મેં અને મારા મિત્રોએ દેશભરમાં પ્રવાસ પ્રતિબંધના પરિણામે નાગરિકો, પરિવારજનો અને નિરાશ્રિતો પર થયેલી તત્કાલ અસર જોઈ છે. અંતિમ નિર્ણય ન આવે ત્યાં સુધી અમે વિઝાધારકોને અને મુસ્લિમ દેશોમાંથી આવતા કાયદેસર કાયમી નાગરિકોને યુએસની બહાર પ્રવાસ કરતાં અગાઉ એટર્નીની સલાહ લેવાની ભલામણ કરીએ છીએ.

*સ્નેહલ બત્રા ઈમિગ્રેશન એન્ડ નેશનલિટી લો પ્રત્યે સમર્પિત નાચમન, ફુલવાની, ઝિમોવેક લો ગ્રુપ, પી.સી.ના કાઉન્સિલ છે. તેઓ અમેરિકન ઈમિગ્રેશન લોયર્સ એસોસિયેશનનાં સભ્ય, ઈમિગ્રેશન સેક્શન ઓફ ન્યુ જર્સી સ્ટેટ બાર એસોસિયેશનનાં સભ્ય અને સમરસેટ કાઉન્ટી બાર એસોસિયેશનનાં ઈમિગ્રેશન પ્રેક્ટિસનાં ચેર છે.*